# નિયમ સંગ્રહ - ૭

## નીતિ ઘડતર અથવા નીતિના અમલ સબંધી જનતાના સભ્યો સાથે સલાહ – પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની કોઈ વ્યવસ્થા હોય તો, તેની વિગત.

<u>નીતિ ઘડતર અથવા નીતિના અમલ સબંધી જનતાના સભ્યો સાથે સલાહ – પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની કોઈ વ્યવસ્થા હોય તો, તેની વિગત.</u>

૧. જિલ્લા ફરીયાદ નિવારણ એકમઃ

જે તે જિલ્લાના નાયબ વન સંરક્ષકઓને આ એકમમાં આમંત્રિત સભ્ય તરીકે બોલાવવામાં આવે છે તેમજ તેમાં પ્રજાના પ્રતિનિધીઓ તરીકે જિલ્લાના તમામ સંસદ સભ્યશ્રીઓ તથા ધારાસભ્યશ્રીઓ હોય છે. કોઈપણ નીતિના વિષય સબંધે ફરિયાદ ચર્ચામાં આવે ત્યારે સલાહ અને સૂચન આપવામાં આવે છે.

૨. જંગલ કામદાર સહકારી મંડળી માટેની મહેનતાણા દર નક્કી કરવા માટેની ઉપસમિતી :

ક્ષેત્રિય વન સંરક્ષકની અધ્યક્ષતામાં સદરહું સમિતિમાં વર્ષે એક વાર મજુર કાયદા ધ્યાને રાખી જંગલ કામદાર સહકારી મંડળીઓ દ્વારા થતી કામગીરી માટે મહેનતાણા બાબતે તમામ પ્રતિનિધીઓ સાથે ચર્ચા વિચારણા કરી સર્વ સંમતિથી દર નિયત કરવામાં આવે છે.

૩. સહભાગી વન વ્યવસ્થા સમિતિઓ :

રાષ્ટ્રીય વન નીતિ ૧૯૮૮ માં જણાવ્યા પ્રમાણે વનોના રક્ષણ, સંવર્ધન અને વિકાસમાં લોકભાગીદારીને પર્યાપ્ત સ્થાન આપી સહભાગી વન વ્યવસ્થા કાર્યક્રમ અમલી બનેલ છે. ગ્રામ સ્તરે, વિભાગીય સ્તરે તથા રાજય સ્તરે સ્વાયત સંસ્થાઓ / લોકસહકારથી વનોનું પુનઃ નિર્માણ કરવાની યોજના હેઠળ સહભાગી વન વ્યવસ્થા સમિતિઓ હોય છે. ગ્રામ્ય સ્તરે ગ્રામ લોકો તથા

સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ સભ્યો હોય છે. વિભાગીય સ્તરે ગ્રામ સમિતિના પ્રતિનિધિઓ તથા સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ સભ્યો હોય છે. રાજ્ય સ્તરે સ્વૈચ્છિક સંસ્થા તથા સરકારશ્રીના પ્રતિનિધિઓ સભ્યો હોય છે. આ તમામ સ્તરે વન વ્યવસ્થા બાબતે પરામર્શ / નીતિના અમલ માટે ચર્ચા વિચારણા અને સલાહ સૂચનો કરવામાં આવે છે અને રાજ્ય સ્તરે આ નીતિના અમલ માટે કાર્ય કરવામાં આવે છે.

૪. સમન્વિત ગ્રામ વનીકરણ સમૃદ્ધિ યોજના માટે જિલ્લા વન વિકાસ એજન્સી :

સહભાગી વન વ્યવસ્થાને વેગ આપવા અને સુદૃઢ કરવા રાષ્ટ્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ રાષ્ટ્રીય વનીકરણ અને પર્યાવરણ વિકાસ બોર્ડ દ્વારા દરેક વિભાગીય સ્તરે વન વિકાસ એજન્સીની રચના કરવામાં આવેલ છે. સદરહું એજન્સી ગ્રામ સ્તરે ચાલતી સહભાગી વન વ્યવસ્થાનો સંઘ છે. જે વન વિકાસ, વન વ્યવસ્થા અને વન સાથે લોકોના સમન્વય થાય તે બાબતે જરૂરી પરામર્શ કરી ઘડેલ નીતિનો અમલ તથા જરૂરી સૂચનો કરે છે. ગ્રામ સ્તરે સમિતિમાં ઓછામાં ઓછા બે મહીલા સભ્યો જરૂરી હોય છે.

# નિયમ સંગ્રહ -૭

## નીતિ ઘડતર અથવા નીતિના અમલ સબંધી જનતાના સભ્યો સાથે સલાહ પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની કોઈ વ્યવસ્થા હોય તો તેની વિગત

૧.રક્ષિત વિસ્તાર અંગેની સમિતિ.

વન્યપ્રાણી સંરક્ષણ ધારા ૧૯૭૨ ની કલમ ૩૬-A અન્વયે કોઇપણ વિસ્તારને કન્ઝર્વેશન રીઝર્વ (સંરક્ષણ અનામત વિસ્તાર) જાહેર કરતા પહેલા તે વિસ્તારના સ્થાનિક લોકો સાથે પરામર્શ કરવાની જોગવાઇ છે.

૨.વન્યપ્રાણી અભયારણ્ય સલાહકાર સમિતિઃ

વન્યપ્રાણી સંરક્ષણ ધારા ૧૯૭૨ ની કલમ ૩૬-બી હેઠળ દરેક અભયારણ્યના સુચારૂ સંરક્ષણ અને વ્યવસ્થાપન માટે તથા તેમાં, અભયારણ્ય આસપાસ વસતા લોકોની ભાગીદારી/સહકાર મેળવવા માટે સલાહકાર સમિતી બનાવવાની જોગવાઇ છે.

આ સમિતીમાં પંચાયતની રાજ સંસ્થાના ૩ પ્રતિનિધિઓ, બિન સરકારી સંસ્થાના ૨ પ્રતિનિધિઓ અને વન્યપ્રાણી સંરક્ષણ ક્ષેત્રમાં કાર્યરત ૩ પ્રતિનિધિઓ ઉપરાંત માનદ વાઇલ્ડલાઇફ વોર્ડનનો સમાવેશ કરવાની જોગવાઇ છે.

૩.રાજય વન્યપ્રાણી બોર્ડ

વન્યપ્રાણી સંરક્ષણ ધારા ૧૯૭૨ ની કલમ ૬ અને ૮ અન્વયે વન્યપ્રાણી સંરક્ષણ અને વ્યવસ્થાપન માટે રક્ષિત વિસ્તારોની પસંદગી, વન્ય જીવો તથા રક્ષિત વનસ્પતિના સંરક્ષણ માટે નીતિ ઘડતર, વિવિધ અનુસૂચિઓમાં ફેરફાર, વન્યજીવ સંરક્ષણ અને આદિવાસીઓ/વનવાસીઓની જરૂરિયાતો વચ્ચે ઐક્ય જાળવવા જરૂરી પગલા ભરવા તથા રાજય સરકાર દ્વારા વન્યજીવ સંરક્ષણ સંબંધિત કોઇ બાબત પરામર્શ માટે

મોકલવામાં આવે ત્યારે જરૂરી માર્ગદર્શન આપવા કલમ ૮ અન્વયે રાજ્ય વન્યપ્રાણી બોર્ડની રચાનાની જોગવાઇ છે.

આ બોર્ડમાં ૩ ધારાસભ્યો, વન્યપ્રાણી સંરક્ષણ ક્ષેત્રે કાર્યરત બિન સરકારી સંસ્થાના ૩ સભ્યો, અનુસૂચિત જનજાતિઓના ૨ પ્રતિનિધિઓ સહિત અગ્રણી પર્યાવરણ નિષ્ણાત/કન્ઝર્વેશનીસ્ટ/ઇકોલોજીસ્ટ એમ કુલ ૧૦ પ્રતિનિધિઓનો સમાવેશ કરવાની જોગવાઇ છે.

**૪.કન્ઝર્વેશન રિઝર્વ મેનેજમેન્ટ કમિટી:**

વન્યપ્રાણી સંરક્ષણ ધારા ૧૯૭૨ની કલમ ૩૬-બી હેઠળ કન્ઝર્વેશન રિઝર્વના વ્યવસ્થાપન, જાળવણી અને સંરક્ષણ માટે ચીફ વાઇલ્ડ લાઇફ વોર્ડનને સલાહસૂચન માટે કન્ઝર્વેશન રિઝર્વ મેનેજમેન્ટ કમિટી બનાવવાની જોગવાઇ છે. જેમાં સંબંધિત વિસ્તારની દરેક ગ્રામ પંચાયતના એક-એક પ્રતિનિધિ, વન્યપ્રાણી સંરક્ષણ ક્ષેત્રે કાર્યરત બિનસરકારી સંસ્થાના ૩ પ્રતિનિધિઓનો સમાવેશન કરવાની જોગવાઇ છે.

**૫.કોમ્યુનીટી રીઝર્વ મેનેજમેન્ટ કમિટી:**

વન્યપ્રાણી સંરક્ષણ ધારા ૧૯૭૨ ની કલમ ૩૬-ડી હેઠળ કોમ્યુનીટી રિઝર્વના સંરક્ષણ વ્યવસ્થાપન અને જાળવણી માટે કોમ્યુનીટી રીઝર્વ મેનેજમેન્ટ કમિટી બનાવવાની જોગવાઇ છે. આ સમિતિમાં ગ્રામ પંચાયત દ્વારા નીમાયેલ ૫ પ્રતિનિધિઓ અથવા ગ્રામ સભાના પ્રતિનિધિઓનો સમાવેશ કરવાની જોગવાઇ છે.

**૬.માનદ વાઇલ્ડ લાઇફ વોર્ડન:**

વન્યપ્રાણી સંરક્ષણ ધારા ૧૯૭૨ ની વિવિધ જોગવાઇઓના અમલીકરણ માટે ચીફ વાઇલ્ડ લાઇફ વોર્ડનને સહાયરૂપ થવા માટે રાજ્ય સરકાર દરેક જીલ્લામાં માનદ વાઇલ્ડ લાઇફ વોર્ડનની નિમણુંક કરી શકે છે. આ માટે વન્યપ્રાણી સંરક્ષણ ક્ષેત્રે કાર્યરત અને રસ ધરાવતી યોગ્ય વ્યક્તિની નિમણૂંક થઇ શકે છે.

૭.જલપ્લાવિત વિસ્તારોના વ્યવસ્થાપનની કાર્યયોજના હેઠળની કામગીરીના મોનીટરીંગ માટેની સૂકાન સમિતિઃ

રાજ્ય અને ભારત સરકારની નાણાંકીય સહાયથી વિવિધ જલપ્લાવિત વિસ્તારો (વેટલેન્ડ) ના વ્યવસ્થાપનની કાર્યયોજના હેઠળ ચાલી રહેલ કામગીરીના મોનીટરીંગ માટે રાજ્યકક્ષાની એક સૂકાન સમિતિ બનાવવામાં આવી છે. આ સમિતિમાં વન્યપ્રાણી સંરક્ષણ ક્ષેત્રે કાર્યરત અને રસ ધરાવતીયોગ્ય વ્યક્તિને સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવેલ છે.

૮.ઇકો ડેવલપમેન્ટ કમિટીઃ

રાજ્યના વિવિધ વન્યપ્રાણી અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાનોની આસપાસ વસવાટ કરતા લોકોને વન્યપ્રાણીઓ, જૈવિક વિવિધતા તેમજ વન્યપ્રાણી નિવાસ્થાનોના સંરક્ષણમાં સહભાગી બનાવી આવા રક્ષિત વિસ્તારો ઉપર સ્થાનિક લોકોનું અવલંબન ઓછું કરવાના હેતુસર રાજ્ય સરકારે રાજ્યના તમામ રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્યની આસપાસના વિસ્તારોમાં વિલેજ ઇકો ડેવલપમેન્ટ સમિતિઓ બનાવવાનો નિર્ણય કરેલ છે. આ સમિતિ ઇકો ડેવલપમેન્ટની કામગીરી માટે ગ્રામ્ય ઇકો ડેવપમેન્ટ ફંડ ઉભું કરી તેમાંથી વ્યક્તિત ગત અને સામુહિક લોભોના કામો કરાવશે તથા આ ફંડનું વ્યવસ્થાપન કરશે.

અગ્ર મુખ્ય વન સંરક્ષક
વન્ય પ્રાણી, ગુજરાત રાજ્ય,
ગાંધીનગર.

# નિયમ સંગ્રહ-૭

## નીતિ ઘડતર અથવા નીતિના અમલ સબંધી જનતા સભ્યો સાથે સલાહ-પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની કોઈ વ્યવસ્થા હોયતો, તેની વિગત


## નીતિ ઘડતર અથવા નીતિના અમલ સબંધી જનતાના સભ્યો સાથે સલાહ – પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની કોઈ વ્યવસ્થા હોયતો, તેની વિગત


**૧૪. વૃક્ષ ઉછેર સ્પર્ધા માટેના પ્રોત્સાહક ઈનામોની યોજના માટે પસંદગી સમિતિ:-**

રાજ્યમાં વનીકરણ પ્રવૃત્તિઓમાં ખાનગી વ્યક્તિઓને પ્રોત્સાહન માટે રાજ્યકક્ષાના વનપંડિત પુરસ્કાર આપવાનું ઠરાવવામાં આવેલ છે. આ પુરસ્કાર માટે પસંદગી સમિતિમાં રાજ્યમાં આવેલ વનીકરણમાં રસ ધરાવતી બીન સરકારી સંસ્થાના બે પ્રતિનિધિઓને સરકારશ્રી દ્વારા નિયુક્ત કરવાની જોગવાઈ છે. સરકારશ્રીના વન અને પર્યવારણ વિભાગના ઠરાવ ક્રમાંક: ટીઆરએસ-૧૯૮૬-૩૨૯૧-વ-૨, તા.૦૧.૦૫.૧૯૮૭ થી જોગવાઈ હતી જે સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંક: ટીઆરએસ-૧૯૯૨-૩૮૩૮-ગ ના.તા.૨૮.૧૨.૧૯૯૩ થી રદ કરેલ છે.

**૧૫. વૃક્ષ ઉછેર માટે લોકજાગૃતિ તથા વિવિધ કક્ષાએ પ્રોત્સાહક ઈનામોની યોજના પસંદગી સમિતિ:-**

રાજ્યમાં વૃક્ષારોપણની પ્રવૃત્તિને વધુ વેગ આપવાના હેતુથી શૈક્ષણિક સંસ્થાઓ, સરકારના વિવિધ વિભાગો,જાહેર અને ખાનગી સંસ્થાઓ, સહકારી મંડળીઓ, ગ્રામ પંચાયતો, ઔદ્યોગિક એકમો, ખાનગી વ્યક્તિઓ અને ખેડુતોને વૃક્ષારોપણ અને વૃક્ષોનુ જતન કરવા પ્રોત્સાહિત કરવા માટે વિવિધ કક્ષાએ પ્રોત્સાહક ઈનામો આપવાની યોજના જાહેર કરવામાં આવેલ છે.

**ક. તાલુકાકક્ષાની ઈનામી યોજના પસંદગી સમિતિ:**

રાજ્યના દરેક તાલુકામાં વિવિધ-૭ કક્ષાઓમાં, કક્ષાદીઠ પ્રથમ,દ્રીતીય અને તૃત્તીય ઈનામો માટે સંસ્થા/વ્યકિતની પસંદગી કરવા તાલુકા વિકાસ અધિકારીના અધ્યક્ષપણા હેઠળ તાલુકાકક્ષાની પસંદગી સમિતીમાં વનીકરણમાં રસ ધરાવતી બિન સરકારી સંસ્થાના એક પ્રતિનિધિને કલેક્ટર દ્વારા સભ્ય તરીકે નીમવાની જોગવાઈ છે.

**ખ. જિલ્લાકક્ષાની ઈનામી યોજના પસંદગી સમિતિ:**

રાજ્યના દરેક જિલ્લામાં વિવિધ-૭ કક્ષાઓમાં, કક્ષાદીઠ , પ્રથમ,દ્રિતીય અને તૃતીય ઈનામો માટે સંસ્થા/વ્યક્તિની પસંદગી કરવા જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપણા હેઠળ જિલ્લાકક્ષાની પસંદગી સમિતિમાં વનીકરણમાં રસ ધરાવની બિન સરકારી સંસ્થાના એક પ્રિતનિધિને કલેકટર દ્વારા સભ્ય તરીકે નીમવાની જોગવાઈ છે.

ગ. **રાજ્યકક્ષાની ઈનામી યોજના પસંદગી સમિતિ:**

રાજ્યકક્ષાએ વિવિધ-૧૨ કેટેગરી દીઠ પ્રથમ,દ્રીતીય અને તૃતીય ઈનામો માટે સંસ્થા/વ્યક્તિની પસંદગી કરવા, વન અને પર્યાવરણ વિભાગના અધ્યક્ષપણા હેઠળ રાજ્યકક્ષાની પસંદગી સમિતીમાં વનીકરણમાં રસ ધરાવતી બિન સરકારી સંસ્થાના એક પ્રિતનિધિને સરકાર દ્વારા સભ્ય તરીકે નીમવાની જોગવાઈ છે.

૧૬. **વૃક્ષપ્રેમ એવોર્ડ પસંદગી સમિતિ:-**

રાજયમાં વનીકરણની કામગીરીમાં જાહેર જનતા, બીન સરકારી સંસ્થાઓ તથા સ્થાનિક સંસ્થાઓને પ્રોત્સાહિત કરવા માટે જિલ્લા કક્ષાએ વ્યક્તિઓ તથા બિન સરકારી તેમજ સ્થાનિક સંસ્થાઓના પ્રયત્નથી વનીકરણની શ્રેષ્ઠ કામગીરી કરનાર જિલ્લાને દર વર્ષે વૃપ પ્રમ એવોર્ડ આપવાની જાહેરાત કરવામાં આવી છે. આ એવોર્ડ માટે રાજ્ય કક્ષાની પર્સંદગી સમિતિમાં સભ્ય તરીકે પર્યાવરણ સંરક્ષણ ક્ષેત્રમાં કાર્યરત બિન સરકારી સંસ્થાઓના પ્રતિનિધિઓનો સમાવેશ કરવામાં આવે છે

# નિયમ સંગ્રહ-૭

## ૨. જંગલ કામદાર સહકારી મંડળી માટેની મહેનતાણાદર નક્કી કરવા માટેની ઉપસમિતિ

ક્ષેત્રિય મુખ્ય વન સંરક્ષકશ્રી / વન સંરક્ષકશ્રીની અધ્યક્ષતામાં સદરહુ સમિતિમાં વર્ષે એક વાર મજુર કાયદા ધ્યાને રાખી જંગલ કામદાર સહકારી મંડળીઓ દ્વારા થતી કામગીરી માટે મહેનતાણા બાબતે તમામ પ્રતિનિધિઓ સાથે ચર્ચા વિચારણા કરી સર્વ સંમતિથી દર નિયત કરવામાં આવે છે.

## ૬. ગ્રીવેન્સ સેલ

વન વિભાગની કામગીરી પર આવતા મજુરોના પ્રશ્નોના ઉકેલ માટે દરેક વિભાગીય કચેરીએ તથા અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરીમાં ગ્રીવેન્સ સેલની રચના કરવામાં આવી છે. જેમાં મજૂર યુનિયન તથા એસોશીયેશનના પ્રતિનિધિઓ રજુઆત કરી શકે છે.